કાન્તિ ભટ્ટ

# નાનામોટા ઉદ્યોગપતિ સ્ટ્રગલ થકી જ ઊંચા આવ્યા છે.

સ્વિટ્ઝર્લેન્ડના દાઓસ ગામે ઇન્ટરનેશનલ મોનેટરી ફોરમની આંતરરાષ્ટ્રીય નાણાંકીય ધુરંધરોની બેઠક તાજેતરમાં મળી હતી. ત્યાં હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીએ ૨૦૦૯માં જગતભરના દેશોમાં મંદીની અસર છે, પણ ભારત તેમાંથી  અમુક હદે-સારી એવી રીતે બચી ગયું છે તેમ કહેલું. બેંક કે મોટા ઉદ્યોગને બચાવવા ભારત સરકારે બહુ ઓછી મદદ કરી છે. ભાગ્યે જ કોઇ મોટી ભારતીય બેંક ફડચામાં ગઇ અગર તો ગંભીર તકલીફમાં આવી છે. હાર્વર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીએ તે માટે ભારતને અભિનંદન આપ્યા છે તેમાં મોટું કારણ એ લખ્યું છે કે ભારતે વિદેશી મૂડીને બરબાર નિયંત્રિત રાખી છે, પરંતુ એ તો અર્થશાસ્ત્રની સૈદ્ધાંતિક વાત થઇ. ભારતને મરણતોલ મંદી બહુ પીડાદાયી લાગી નથી તેનાં ઘણાં કારણો છે. ભારતની એક-એક ગૃહિણી કે મધ્યમવર્ગનો માણસ બચતમાં માને છે. વળી, ગમે તેટલા શોપિંગ મૉલ થયા હોય પણ અમેરિકામાં શોપિંગ મૉલમાં જેમ ઘરાક વગર માખીઓ ઊડે છે તેવું ભારતમાં મોટે પાયે થયું નથી. ભારતમાં પરચુરણ વેપારીઓ લાંબે સુધી ટકશે. તેમના વેપારમાં મંદી આવી નથી. વળી, ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં અને તેમાંય ખાસ કરીને કપોળ, જૈનો, લોહાણા કે છેક મેઘવાળ કમ્યુનિટીમાં સંયુક્ત કુટુંબો હોય છે. એક મેઘવાળ કુટુંબ ઝૂંપડામાં રહે છે.  ત્રણ ભાઇઓ-પત્નીઓ-બાળકો અને માબાપ સાથે રહે છે. મંદીમાં એક ભાઇ બેકાર છે પણ બીજા બે ભાઇઓ બધું સંભાળે છે. ઉપરાંત પતિ બેકાર હોય તો પત્ની કામ ઉપર જતી હોય છે. સૌથી વધુ અર્થતંત્રને તગડું રાખનારા ભારતના નાના-મધ્યમ અને ઉચ્ચ મધ્યમ કક્ષાના ઉદ્યોગો છે. ભારતમાં બધા જ નાનેથી મોટા થયા છે. સખત સંઘર્ષ કર્યો છે.

ભારતને પોષતું સૌથી મોટું બળ વિદેશમાં કમાતા બે કરોડ ભારતીયો છે. એમાં અમેરિકામાં વસતા ભારતીયો કડેધડે છે. અમેરિકન-ઇન્ડિયનની વાપરી શકાય તેવી રકમ અગર બચતની રકમ ૭૬ અબજ ડૉલર છે. (ચાર વર્ષ પહેલાના આંકડા) જેમાંથી ઘણા ભારતના ભાઇભાંડુને સતત મળે છે. હવે અમેરિકા જ નહીં, ઑસ્ટ્રેલિયા જ્યાં મંદીની અસર ઓછી છે ત્યાં વધુ ને વધુ ગુજરાતીઓ વસે છે. તે તેમના ભારતના ભાઇ, ભાણેજ, કાકા, દાદા, મામાને મદદરૂપ થાય છે. ગુજરાતના પટેલો પાસે અમેરિકામાં ૩૮ અબજ ડૉલરની પ્રોપર્ટી છે. અમેરિકનો કે બ્રિટિશરો કુટુંબ વત્સલતામાં ભારતને પહોંચે નહીં.

ભારતના મોટા ભાગનાં કુટુંબો બચતમાં માને છે. કલોડિયા ક્રેગ નામનાં અર્થકારણનાં લેખિકાએ લખેલું કે ૨૨ ટકાને દરે ભારતના લોકો બચત કરે છે ત્યારે અમેરિકાના લોકો ફતનદેવાળિયા છે. ગજા વગરનું દેવું કરે છે. ભારતનો નોકર કોઇ ઉદ્યોગપતિ કે મોટા વેપારીને ત્યાં નોકરી કરે તે મરતાં સુધી મોટે ભાગે નોકર રહેતો નથી. હું લંડન ગયો ત્યારે લંડન મેટલ એક્સચેન્જમા ચેરમેન બનેલા રાજકુમાર બાગરી હજી કોલકત્તાની બીનાની બ્રધર્સની પેઢીનું નોન ફેરસ મેટલ અને બીજી ધાતુનું કામ સંભાળતા હતા. રાજકુમાર બાગરી શરૂમાં  એક ફાઇલિંગ કલાર્ક તરીકે કોમોડિટી ડીલરની કંપનીમાં કોલકત્તા ખાતે રૂ. ૨૫૦ના પગારથી કામ કરતા. તે પછી લંડનમાં પ્રતિનિધિ બન્યા. તે પછી પોતાનો સ્વતંત્ર ધંધો વિકસાવ્યો છે અને ભારતમાં તેમણે ૧૯૯૬માં ૪૦ ડૉલર કોપર સ્મેલ્ટર સલ્ફયુરિક એસિડના પ્લાંટમાં રોકેલા. આપણે ત્યાં વેપારીને તેમની પત્નીઓ, સસરા વગેરે મદદ કરે છે, જે અમેરિકામાં થતું નથી.

ઓબેરોય હોટેલના સ્થાપક મોહનસિંઘ ઓબેરોયને સેસિલ હોટેલમાંથી ફેંકી દેવાયેલા તે હોટેલમાં જ તેમણે નોકરી કરીને ઉત્તરોત્તર આગળ વધ્યા. સિમલામાં કલાર્કસ હોટેલ વેચાઉ હતી. મોહનસિંઘને નોકરમાંથી માલિક બનવું હતું. એ જમાનામાં તેમની પાસે રૂ. ૨૦,૦૦૦ ખૂટતા હતા. તે કોઇ સગાંવહાલાંની મદદ લેવા માંગતા નહોતા. પત્ની ઈશરાન દેવીને પતિના માનસિક સંઘર્ષની ખબર પડી. પત્નીએ લગ્નમાં મળેલા તમામ ઘરેણાં વેચી દેવાનું નક્કી કર્યું હતું. જો કે, આટલા પૈસા પણ પૂરતા નહોતા, પણ પત્નીની પ્રેરણાથી અને સહકારથી ઓબેરોયે ખૂટતા પૈસા મિત્રો પાસેથી મેળવ્યા. મહદંશે જે વણિકો છે કે પટેલોની સાહસિક કમ્યુનિટી છે, તેમાં ભારતની પત્નીઓ પતિને મદદરૂપ થઇને તેમને પૈસાદાર અને સ્વતંત્ર ઉદ્યોગપતિ બનાવે છે. ગુજરાતી સાહસિકોએ કવિ રુડયાર્ડ કિપલિંગની કવિતા વાંચ્યા વગર જ તેનો ‘હોલ્ડ

ઓન' નો મંત્ર ગળથૂથીમાં મેળવ્યો છે. if you can force your heart and nerve and sinew to serve your turn. And so 'hold on' when there is nothing with you, except the will-power which say to you-Hold on. ટૂંકમાં જ્યારે તમારી નસેનસ તૂટી જાય ત્યારે તમારી કસોટી થાય તો પણ તૂટયા વગર ટકી રહો. આ મંત્ર-ટકી રહેવાનો મંત્ર ગુજરાતીને ભારતમાં જ નહીં પરદેશમાંય કામ લાગે છે. હોપલેસ હાલતમાં હ્રદયને તગડું રાખવાનું મનોબળ નાના-મોટા ગુજરાતી પાસે છે.

માંગરોળના નાનજી ચિનાઇના પિતા ખૂબ ગરીબ હતા. નિશાળમાં આંક-પલાખા શીખીને ૧૮૪૩ની સાલામાં ૧૩ વર્ષની ઉંમરે મુંબઇ આવ્યા. એક સોરઠી વણિકે તેમને સૂવાની જગ્યા આપી. નાનજી ચિનાઇ રોજ ખભે કાપડના તાકા નાખીને વેચતા. રોજના બે આના(બાર પૈસા) કમાતા, હાથે રાંધીને ખાતા. કમાયા તેમાંથી દુકાન માંડી. પાછી કમાઇ વધતા વ્યાજે પૈસા આપતા. આખરે ચિંચબંદરમાં વિશાળ બંગલો લીધો. પણ એક વખત ચિંચબંદરમાં આગ લાગી. નાનજી ચિનાઇની તમામ મિલ્કત નાશ પામી. ત્યારે બંબા નહોતા. ટોપલામાં ધૂળ ભરી ભરીને નાનજી શેઠ અને બીજાએ આગ ઓલવવા મિથ્યા પ્રયાસ કર્યા. એ સમયે મૂળ ખંભાતના મોતીશા સાથે નાનજી ચિનાઇને દોસ્તી હતી. સાવ પહેરેલે કપડે મોતીશા પાસે આવ્યા. મોતીશાએ કહ્યું, 'ગભરાઇશ નહીં, ફિર લડેંગે' (હોલ્ડ ઓન). લેણદારોને પૈસા ચૂકવી દેજે. દેવાળું ફૂંકતા નહીં. મોતીશાની માતા રૂપાબાઇએ લેણદારોને એકઠા કર્યા. મૂળ રકમ સ્વેચ્છાએ ઓછી કરનારા ઘણા લેણદારો હતા. રૂપાબાઇએ કહ્યું 'મરદ થાજે, મૂંઝાતો નહીં.' તે પછી મોતીશાએ નાનજી ચિનાઇને કોલકત્તાનો વેપાર સોંપ્યો. મુંબઇથી કોલકત્તા જતાં પગરસ્તે કે ગાડામાં, ટ્રેનમાં સફર કરી કોલકત્તા પહોંચ્યા. ત્યાં સારું કમાયા. લેણદારોને પૈસા ન ચૂકવે ત્યાં સુધી ચાની બાધા રાખેલી. પછી જ ઘોડાગાડી રાખેલી અને આખરે ચીન ગયા ત્યાં તેમને ચિનાઇ અટક મળેલી. મિત્રને મદદ કરનારા મોતીશા શેઠની દાસ્તાન પણ લગભગ આવી જ છે.

પાલિતાણાના ડુંગર ઉપર જૈન દેરાસરોમાં મોતીશાની ટૂંક છે. ત્યાં ૧૧૪૯ જેટલી દેરીઓ અને ૪૪૦ જેટલાં દેરાસરો હતાં. જે ૧૦૦ વર્ષથી વધુ જૂનાં છે. આ દેરાસરોમાં જે ધન ખર્ચાયું છે તેમાંથી ચીન સાથે વેપારમાંથી મોતીશા કમાયેલા. મુંબઇમાં કમાઇને દાનવીર બનેલા મોતીશાના ખંભાતી પિતા અમીચંદે વેપારમાં જબરું નુકશાન કર્યું. માંગરોળ-વતનમાં પાછા આવ્યા. દેવાની ચિંતામાં ઝવેરાતનો ધંધો પડી ભાંગ્યો. તેમના મોટા ભાઇએ નવો ધંધો પકડ્યો પણ એ ટૂંકી બીમારીમાં મૃત્યુ પામ્યા. મોતીશા પર કુટુંબ-વેપારનો બોજ આવ્યો. ૧૮ મહિનામાં તમામ સાફ થઇ ગયું પછી મોતીશાની નજર મુંબઇ પર પડી. કુટુંબના મોભી અમિચંદની આવક જાળવી રાખી મુંબઇમાં થનારી કમાણી સંભાળી શકશે તેવી આશા રાખી માંગરોળથી મોતીશા ૨૨૦ વર્ષ પહેલાં મુંબઇમાં ફોર્ટ વિસ્તારમાં માત્ર અંગ્રેજો જ રહી શકતા. પણ પારસી અને જૈનોએ લડત ચલાવીને ફોર્ટ વિસ્તારમાં પેઢીઓ કરી. મોતીશાએ અમીચંદ સાકરચંદ નામની પેઢી શરૂ કરી. ધીરે ધીરે નિકાસનો વેપાર હાથમાં લીધો. બગદાદ, મડાગાસ્કર, મોઝામ્બિક અને ચીન સાથે વેપાર શરૂ કર્યો. ચીનમાં અનેક ચીજો નિકાસ કરીને ત્યાંથી સોના-ચાંદીની પાટો લઇ આવતા. દેશી વહાણો રાખેલા- એક વહાણનું નામ જ 'મોતીચંદ અમીચંદ'રાખ્યું. એક સૈયદ ખાન નામના આરબના નામ પરથી બીજા વહાણનું નામ રાખેલું. ચીનને નિકાસ કરવામાં એક ગોરાએ ખટપટ કરી. જે કમાણી થશે તેમાંથી મંદિર બનાવવું તેવો સંકલ્પ કર્યો. રૂા. ૧૩ લાખ કમાયા. સિદ્ધાચળના મંદિરમાં પછી ખર્ચ્યા. મહુવાના રામજી સલાટની પાસે મંદિરો બંધાવ્યા. મહારાષ્ટ્ર-મધ્ય પ્રદેશથી પાલિતાણામાં મજૂરો આવીને રોજી કમાયા. આજે મોતીશાનું નામ અમર થયું છે. મુંબઇમાં બધા નાનેથી મોટા થયા છે. મોગલે આઝમના ફિલ્મના નિર્માતા કે.આસીફ દરજી હતા. મામાને ટિફિન પહોંચાડવાનું કામ કરતા. તેમાંથી ફિલ્મસર્જક બન્યા. સૂરજી વલ્લભદાસ ઘાસલેટના ખાલી ડબ્બા ખભે ઉઠાવી મજૂરી કરી ગોદામમાં સૂઇ રહેતા. મ.જા. માર્કનું ઘી પ્રખ્યાત હતું. તે મથુરદાસ જાધવજી વિસાવદરમાં ઓટલા પર સૂઇ રહેતા. તેમણે ઘીના વેપારમાં ડંકો વગાડ્યો. ઝીબ્રા બ્રાન્ડની છબિ બનાવનારા ભૂરાભાઇ પટેલ કચ્છથી પહેરેલે કપડે મુંબઇ આવેલા, સિમેન્ટની ખાલી થેલી, એક ગોદડું અને પહેરવાના કપડાં લાવેલા. એ પણ કોઇ બીજાના ઉછીના લીધેલા. મુંબઇમાં ફૂટપાથ પર સૂઇ રહેતા. અનાજની દુકાને નોકરી કરી ઘરે ઘરે દાદરા ચઢી ડિલિવરી કરતા. નાસ્તામાં પલાળેલા ચણા ખાતા. તેમાંથી તે છત્રીના નિર્માતા બન્યા હતા. હંમેશા પુરુષાર્થ કરનાર તરફ શામળિયો અઢળક ઢળે છે.